# ગુજરાતમાં કોરોનાના નવા ૧૧૮૯૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૮ રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજ્યના લોકો માટે છેલ્લા કેટલાક દિવસોથી રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં મોટો ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ હજારથી ઓછા કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૮૯૨ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૪,૭૩૭ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૫,૧૮,૨૩૪ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે ૭૭.૩૬ ટકાએ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં ૧,૦૨,૮૭,૨૨૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૩૧,૧૫,૮૨૧ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઇ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૩૪,૦૩,૦૪૫ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આજે ૧૮ થી ૪૪ વર્ષ સુધીના ૧૯,૨૭૬ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૩૯,૭૯૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૧,૧૬,૧૧૪ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઇ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૪૩,૪૨૧ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૮૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૪૨,૬૩૯ લોકો સ્ટેબલ છે. ૫,૧૮,૨૩૪ લોકોને ડિસ્ચાર્જ અપાઇ ચુક્યું છે. ૮,૨૭૩ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫, સુરત કોર્પોરેશનમાં ૭, રાજકોટ કોર્પોરેશનમાં ૬, વડોદરા કોર્પોરેશનમાં ૭, જામનગર કોર્પોરેશનમાં ૬, ભાવનગર કોર્પોરેશનમાં ૫, જૂનાગઢ કોર્પોરેશનમાં ૪ અને ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ દર્દીનું મોત થયા છે.

## કોરોના કોર્નર

- અમદાવાદના શિવાનંદ આશ્રમના સર્વાધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજીનું કોરોનાથી નિધન.
- દેશના ૧૮૦ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાનો એક પણ કેસ નહી.
- બિહારમાં જેડીયુના એમએલસી તનવીર અખ્તરનું કોરોનાથી નિધન.
- દેશભરમાં રસીકરણનું અભિયાન આક્રમક બનાવવા મમતા બેનરજીની માંગ.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના ઉદ્ધવ ઠાકરે અને તામીલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલીન સાથે ચર્ચાઓ કરી.
- તામિલનાડુમાં ૧૦ થી ૨ સપ્તાહ માટે લોકડાઉન.
- યુપીના ઈટાવા સફારી પાર્કમાં ૨ સિંહણને કોરોના પોઝીટીવ.
- બાપ્સના અબુધાબી મંદિરથી ૨૦ ટન ઓક્સિજન પહોંચ્યો.
- કેરળમાં આજથી ૧૬મી સુધી સંપુર્ણ લોકડાઉન.
- ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત કોરોના પોઝીટીવ.
- મિઝોરમમાં પણ ૧૦ મીથી ૭ દિવસનું સંપુર્ણ લોકડાઉન.
- ગુજરાતમાં ૧.૩૫ કરોડ નાગરીકોનું વેક્સિનેશન થયું.
- મહારાષ્ટ્રમાં હોટલ ઉદ્યોગને રાહત આપવા શરદ પવારની માંગ.

## જન્મદિને વધામણી


જિહાન દુષ્યંતકુમાર પરમાર
બાયડ



ક્રીશી શોહીલકુમાર પટેલ
બાયડ


હર્ષ અતુલભાઈ શાહ
(પત્રકાર)
(ક્રિષ્ણા ટૂર ટ્રાવેલ્સ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


હિતેષભાઈ પટેલ
કાવઠપાટીયા, તા.કપડવંજ


મનિષ પ્રભાશંકરભાઈ દિક્ષિત
(પ્રા.શિક્ષક)
ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા


ચિંતન શાહ
બાયડ


અરવિંદભાઈ બી. પટેલ
(મલેકપુર પ્રા.શાળા)
શીકા (ગાંધીનગર)

## હિંમતનગરમાં ગોપાલસિંહ રાઠોડ દ્વારા સિવિલ હોસ્પિટલના કોરોના વોરિયર્સનું સન્માન

### કોરોના વોરિયર્સની ઈમ્યુનીટી વધારવા અઠવાડીયામાં ૨ દિવસ દૂધનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ હિંમતનગરમાં એન.જી. પ્રોજેક્ટ લી.ના ગોપાલસિંહ રાઠોડ દ્વારા હિંમતનગર સિવિલમાં છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરી રહેલા મેડીકલ, પેરામેડીકલ સ્ટાફની સેવાઓને રૂબરૂ મળી બિરદાવવાની સાથે કોરોના વોરિયર્સની ઈમ્યુનીટી વધારવા માટે અઠવાડીયામાં ૨ દિવસ સોમવાર અને મંગળવારે અમૂલકુલ દૂધનું વિતરણ શરૂ કરાયું છે. મહામારીની વિકટ પરિસ્થિતિમાં તેમની સેવાઓને બિરદાવવાની સાથે ઉચ્ચ કોટીની સેવા ગણાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી સરકારી કોવિડ હોસ્પિટલમાં કથળતી કામગીરી મુદ્દે પસ્તાળ પડી રહી છે. પરંતુ રેમડેસિવિર ઈન્જેક્શન, બેડ અને ઓક્સિજનની અછત હોય તેમાં સ્ટાફ શું કરે. આ માટે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ જવાબદાર છે છતાં કોરોના વોરિયર્સ ગણાતા ડૉક્ટરો, મેડીકલ સ્ટાફ દર્દી અને સગાઓનો આક્રોશ પ્રસાદ સમજીને નજરઅંદાજ કરી રહ્યા છે. સતત કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરવી, પૂરતી ઉંઘ ન મળે, દિવસો..ના..દિવસો સુધી પોતાના પતિ અને સંતાનોને જોયા ન હોય છતાં પણ નિષ્ઠાપૂર્વક દર્દીઓની સેવા કરવી તે અઘરૂ કામ છે. હિંમતનગર સિવિલમાં તમામ સ્ટાફ છેલ્લા ૧૪ મહિનાથી એકપણ દિવસની રજા લીધા વગર કામગીરી કરી રહ્યો છે. કોરોના વોરિયર્સને રૂબરૂ મળીને તેમનું સન્માન કરવાની હિંમતનગર શહેરના અગ્રણી અને એન.જી. પ્રોજેક્ટ લી.ના ડાયરેક્ટર ગોપાલસિંહ રાઠોડને ઈચ્છા થઈ તેઓ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા જ્યાં સિવિલ સુપ્રિટેન્ડેન્ટ આશિષભાઈ કટારકર પાસે કોરોના વોરિયર્સ અંગેની તમામ વિગતો મેળવી કામગીરીથી પ્રભાવિત થયા અને કોરોના વોરિયર્સની ઈમ્યુનિટી સીસ્ટમ વધારવા રાઠોડ પરિવાર દ્વારા અઠવાડીયામાં બે દિવસ અમૂલકુલ દૂધનું વિતરણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી આ પ્રસંગે નોડલ ઓફીસર ડૉ.વિપુલ જાની, પી.આર.ઓ. ધવલભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘરજના ઈપલોડા ગામે હેલ્થ એન્ડ વેલનેસ કર્મચારીઓના અભાવે સેન્ટરને ખંભાતી તાળા

મેઘરજ તાલુકાના ઈપલોડા ગામે સાત વર્ષ અગાઉ બનાવેલ આયુષ્યમાન ભારત યોજના હેઠળ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ડી.એચ.એમ.એસ ડૉક્ટરો હાલ લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે, ડૉક્ટરો પ્રાથમિક સારવાર આપી રહ્યા છે.પરંતુ ઈપલોડા જીંદગી જોખમ ન મુકાય એ સ્થાનિક ખાનગી ડૉક્ટરો પાસેથી સારવાર લઈ રહ્યાછે ગામમાં હેલ્થ સેન્ટર હોવા છતાં તંત્રની




કોરોના કાળમાં રોજ ખંભાતી તાળુ લાગેલુ જોઈ ગ્રામજનો રોષે ભરાયા છે,ઈપલોડા સહીત આસપાસ ના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં ઘરે ઘરે તાવ ઉધરસ તેમજ ખાંસીના દર્દીઓ જોવા મળી રહ્યાછે નાના મોટા ક્લિનીકો ના કંપાઉન્ડર તેમજ ગામમાં બનાવેલ આયુષ્યમાન યોજના હેઠળનું હેલ્થ સેન્ટર ન ખુલતા લોકોને કોરોના મહામારી માં હાલાકી ભોગવવા નો વારો આવ્યો છે.

આસપાસ ના વિસ્તારના લોકો લાચાર બની પોતાની લાલીયા વાળી ને લઈને વિસ્તારના લોકોને આરોગ્ય લક્ષી સેવાનો લાભ નથી મળી રહ્યો ત્યારે વહીવટી તંત્ર દ્વારા ઈપલોડા ગામે તાત્કાલીક દવાખાનામાં સ્ટાપ મુકવા વિસ્તારના લોકોની માંગ ઉઠીછે.

## પ્રાંતિજ સહિત તાલુકામા ૧૮ વર્ષથી ઉપરના વ્યક્તિઓને વેક્સિન આપવા માંગ

પ્રાંતિજ તા.૮ સાબરકાંઠા જિલ્લાના સહિત પ્રાંતિજ તાલુકામા પણ કોરોનાની મહામારીને લઈને અનેક લોકો સંકણમિત થવાની સાથે કેટલાય લોકોએ જીવ ગુમાવ્યો છે તો કોરોના વેક્સિનેશનની કામગીરી ઝડપી કરવા અને ૧૮ વર્ષથી ઉપરના વ્યકિતઓને વેક્સિન આપવા માટે જિલ્લા કલેકટરને લેખીત મા રજુઆત કરવામા આવી.

પ્રાંતિજ સહિત તાલુકામા વેક્સિનેશન ઝડપી થાય અને ૧૮ વર્ષની ઉપરના વ્યકિતોને રસી આપવામા આવે તે માટે સાબરકાંઠા જિલ્લામા કાર્યરત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તથા પ્રાંતિજ તાલુકા અનવરપુરા સીટ ઉપરના તાલુકા સદસ્ય રાજ પટેલ તથા સામાજિક કાર્યકર હાર્દિક પટેલ દ્વારા સાબરકાંઠા જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલને સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ સહિત તાલુકામા વેક્સિનેશન કામગારી ઝડપી કરી અને ૧૮ વર્ષની ઉપરના વ્યકિતઓને સરકારની જાહેરાત બાદ પણ વેક્સિન ન આપવામા આવતા હાલ તો જિલ્લા સહિત તાલુકાના લોકોને વેક્સિન મળી રહે અને સંક્રમણ ઓછુ ફેલાય તથા લોકો સુરક્ષિત રહે તે માટે ધટતી કાર્યવાહી કરવા સાબરકાંઠા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ચેરમેન ઉર્વેશભાઇ પટેલ તથા પ્રાંતિજ તાલુકા સદસ્ય રાજ પટેલ તથા સામાજિક કાર્યકર હાર્દિક પટેલ દ્વારા જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલને વેક્સિનેશન કામગીરીને ઝડપી કરવા અને ૧૮ વર્ષથી ઉપરના વ્યકિતોને વેક્સિન આપવા માટે માગ કરવામા આવી હતી.

## ખેડૂતોના માથે આફત : સાબરકાંઠા, અરવલ્લીમાં પ્રિ-મોન્સૂન એક્ટીવીટી વરસાદની સંભાવના

### મોટાભાગના માર્કેટયાર્ડો બંધ હોવાથી ખેડૂતોના ઘરે પાક ઉપજના ઢગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ કાળઝાળ ગરમીમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા સ્વીકારી રહી છે ત્યારે તા.૮ થી ૧૪ મે. દરમ્યાન ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં ધૂળની ડમરીયોની સાથે પ્રિ-મોન્સૂન એક્ટીવીટી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં ભેજના કારણે પ્રિ-મોન્સૂન એક્ટીવીટી જોર પકડી શકે છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી દહેશત સેવાય છે. કોરોનાના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મોટાભાગના યાર્ડો બંધ છે અને ખેડૂતોની પાક ઉપજ હજુ પણ ઘરઆંગણે ઢગ ખડકાયેલા છે. ભારે વરસાદ વરસે તો પાક ઉપજ ભીંજાઈ જાય અને ખેડૂતોના માથે આફતની સંભાવના વધી ગઈ છે.

કુદરત પણ બરાબરની કાળા માથાના માનવીની પરીક્ષા લઈ રહી છે. કોરોનાની મહામારીમાં બચવા માટે મિશ્ર ઋતુ શરૂ ન થાય તે આવશ્યક છે પરંતુ મે. મહિનાના પ્રથમ બે સપ્તાહમાં ફરી એકવાર હવામાન પલ્ટાવની આગાહી થઈ છે. જાણીતા આગાહીકારે પણ ધૂળની ડમરીયો સાથે તા.૧૪ મે. પહેલાં ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારો સહિત રાજ્યમાં વરસાદ વરસવાની સંભાવના છે. જો કોઈ વિસ્તારમાં ગાજવિજ સાથે ભારે વરસાદ વરસે તો તેને નિયમિત ચોમાસુ માનવું નહીં પરંતુ પ્રિ-મોન્સૂન એક્ટીવીટીનો વરસાદ હશે અને તેના કારણે મિશ્ર ઋતુ પણ હાવિ થઈ જશે. મિશ્ર ઋતુના કારણે વાયરલ બિમારીમાં વધારો થવાની સાથે કોરોનાનો ભય વધવાની દહેશત છે.

### આજે રવિવાર સૌથી ગરમ દિવસ રહેશે, ૪૩ ડિગ્રી ગરમીનું અનુમાન

બાયડ : જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી લમણા શેકતી કાળઝાળ ગરમીથી પ્રજા, પશુ-પંખી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બપોર થતાં રસ્તા અને બજાર સૂમસામ થઈ જાય છે. પ્રજા ઘરમાં પુરાઈ જાય છે પરંતુ ઠંડક આપતાં ઉપકરણો પણ બેઅસર સાબિત થઈ રહ્યાં છે ત્યારે આજે રવિવાર વર્તમાન વર્ષનો સૌથી વધુ ગરમ દિવસ બની રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને આંબે તેવી સંભાવના છે. શનિવારે બાયડ સહિતના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ સ્થિર થયો હતો.

## ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપર કોરોનાનો રેપીટ ટેસ્ટ કરાવવા લોકોનો ધસારો

### વહેલી સવારથી જ લોકો ઉપસ્થિત રહે છે : ગામડાઓમાં લોકો શરદી, ઉધરસ અને તાવના ભરડામાં ઘરે ઘરે બીમારીના ખાટલા

કોરોનાની મહામારી મોટામોટા શહેરો થી લઈ ગામડાઓ સુધી પ્રસરી છે.કોઈ ગામ કે શેરી કોરોના થી સંક્રમિત થવાની બાકી નથી ,ત્યારે ગામડાઓમાં લોકો હવે ઉધરસ ના લક્ષણો ધરાવતા લોકો ટેસ્ટ કરાવ્યા પછી જ યોગ્ય સારવાર લેવાનું ચાલુ કરતા હોય છે.કોરોનાની બીજી લહેર માં સમયસર લોકોને સારવાર ના માટેની કિટો ની તીવ્ર અછત ના કારણે મર્યાદિત કિટો સેન્ટર પર આવતી હોવાથી વહેલા તે પહેલાં ના ધોરણે લોકો ટેસ્ટ માટે વહેલી સવાર થી આવી પહોંચતા હોય



તાવ,ઉધરસ કે શરદી ના લક્ષણો જણાય તો તરતજ કોરોના નો ટેસ્ટ કરાવવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચી જાય છે.ઇડર તાલુકા ના ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર રોજ સવારે કોરોના નો રેપિટ ટેસ્ટ કરવા મોટી સંખ્યામાં લોકો નો ઘસારો જોવા મળતો હોય છે.

તાલુકાના છેવાડા ના વીસ ગામો વચ્ચે આવેલ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર તાવ,શરદી અને અભાવ ના કારણે લોકો પ્રાથમિક ટેસ્ટ કરાવી લોકો પ્રથમ સ્ટેજ થી જ જાગૃત થવા લાગ્યા છે,જો પોઝીટીવ હોયતો જાતેજ કોરોન્ટાઈન થઈ પ્રાથમિક સારવાર શરૂ કરી દે છે.ત્યારે પ્રથમ લક્ષણો દેખાતા જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર જઇ ટેસ્ટ કરાવવાની જાગૃતિ આવતા વહેલી સવાર થી જ ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર લોકોનો ઘસારો જોવા મર્યો હતો.રેપીટ ટેસ્ટ છે.ત્યારે ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં ઇન્ચાર્જ હેલ્થ ઓફિસર ડૉ. ફહરીન મલિક ના માર્ગદર્શન હેઠળ ચંદ્રમોહનસિંહ ચૌહાણ આરોગ્ય કાર્યકર અને સંજયભાઈ લેબ ટેક્નિશિયન ધ્વરા આજે ૫૦ લોકોના ટેસ્ટ કરતા ૨૮ લોકો પોઝીટીવ મળી આવતા કોરોના પોઝીટીવ લોકોને કોરોન્ટાઈન થવા તેમજ તેની સારવાર માટે દવાઓ આપવામાં આવી હતી.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સિંચાઈના કામોના ભ્રષ્ટાચારની તપાસની માંગ

### ગત વર્ષે અનેક જૂનાં કામોને નવા કામોમાં બતાવી કૌભાંડ આચર્યું, વર્ક ઓર્ડરોની તપાસ થાય

હિંમતનગર, તા.૦૮ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત સિંચાઈના કામોમાં ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસની માંગ થઈ છે. ગત વર્ષે અનેક જૂનાં કામોને નવાં કામોમાં બતાવી લાખો રૂપિયાનું કૌભાંડ આચરાયાની આશંકા સાથે કેટલાક અરજદારોએ નિવૃત્ત થયેલા અધિકારીઓને ફરીથી માસિક ઉચ્ચક પગારથી ફરજ પર બોલાવ્યા હોવાનું અગાઉના તમામ ભ્રષ્ટાચાર ઉપર પડદો પાડવાનો રાજ્ય કક્ષાએથી ખેલ ખેલાતો હોવાની પણ આશંકા વ્યક્ત થઈ છે.

સિંચાઈના કામોમાં તળાવો ઉંડા કરવા, ડેમનું નિર્માણ કરવું સહિતના કામોનો સમાવેશ થાય છે પરંતુ તેમાં મલાઈ તારવી લેવા માટે સ્થાનિક તાલુકા કક્ષાએથી રાજ્ય સુધી સિન્ડીકેટ બનાવવામાં આવે છે. દર વર્ષે સિંચાઈના કામોમાં લખલૂંટ ભ્રષ્ટાચારના આરોપ થાય છે. કોંગ્રેસના આગેવાનો ભ્રષ્ટાચારના આક્ષેપ કરે પરંતુ સત્તાધારી ભાજપના આગેવાનો પણ જિલ્લામાં સિંચાઈના કામોમાં લખલૂંટ ભ્રષ્ટાચારના આરોપ લગાવે છે. ગયા વર્ષે માલપુર તાલુકામાં ખોટા કામો બતાવી ભ્રષ્ટાચાર આદર્યો છે તેવી મુખ્ય મંત્રી કાર્યાલયમાં ફરિયાદ કરવામાં આવી અને ત્યારબાદ તપાસ ટીમોએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું પરંતુ પાછળથી આ મામલે કંઈક રંધાઈ જતાં કોઈ વિસ્ફોટક વિગતો આજદિન સુધી સામે આવી નથી. પરંતુ કેટલાક અભ્યાસુ અને જિલ્લાનું હિત ઈચ્છતા લોકોએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં વર્ષ-૨૦૧૯ થી અત્યાર સુધી થયેલા સિંચાઈના તમામ કામોની ન્યાયિક તપાસ થાય. રજૂ કરવામાં આવેલી એમ.બી. અને સ્થળ તપાસ તેમજ સ્ટેટના અનેક કામો ટ્રાયબલમાં દર્શાવી એકના એક જ કામના ડબલ બીલ ઓળવી ગયાના ગંભીર આક્ષેપ લાગ્યા છે. નિવૃત્ત થયેલા સિંચાઈ વિભાગના ઈજનેરોને માસિક વેતન ઉપર તેમને મન ફાવે તે સ્થળે નિયુક્તિ આપી દેવામા આવી છે તેનું કારણ સ્પષ્ટ છે. કોઈ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરે તો તપાસ આવે અને તપાસમાં જે અધિકારી સામે આક્ષેપ થયા હતા તે મહાશય નિવૃત્ત થઈને ફરીથી ત્યાં ફરજ બજાવતા હોવાથી તમામ પ્રકારનો મામલો દબાવી દે. રાજ્યના મુખ્ય મંત્રીએ બંન્ને જિલ્લામાં આચરવામાં આવેલા સિંચાઈના કામોના ભ્રષ્ટાચારની પોતાની દેખરેખ હેઠળ તપાસ કરાવવી જોઈએ. કારણ કે અહીંયાં સિંચાઈના કામોમાં વરસાદી પાણી ઓછું ભરાય છે પરંતુ ભ્રષ્ટ ઈજનેરોનાં ખિસ્સાં વધુ ભરાઈ રહ્યાં છે.

### મોટાભાગના સિંચાઈના કામો ઈજનેરો અને રાજકીય આગેવાનોએ કર્યા..

હિંમતનગર : રાજ્ય કક્ષાએ થયેલી ફરિયાદમાં જણાવ્યું છે કે છેલ્લા ૩ વર્ષ દરમ્યાન જિલ્લા પંચાયત સિંચાઈ શાખાનાં કરોડાંનાં કામો થયાં તેમાં કલ્પી ન શકાય તેટલો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. મોટાભાગના સિંચાઈના કામો ઈજનેરો અને રાજકીય આગેવાનોએ ભેગા મળીને કર્યા છે. કાગળ ઉપર માત્ર બતાવવા ખાતર કેટલાક ઠેકેદારો બતાવી દીધા છે. પરંતુ નિવૃત્ત થયેલા અને હાલ કાર્યરત ઈજનેરોના મોબાઈલની ચકાસણી કરવામાં આવે તો કામોમાં ભાગ બટાઈનો મોટાપાયે પર્દાફાશ થશે.

### વર્કઓર્ડર આપતા પહેલાં અનેક કામ પૂરાં થયાં હતાં

હિંમતનગર : રાજ્ય સરકારમાં થયેલી ફરિયાદમાં ફોટા સાથે જણાવાયું છે કે જિલ્લાના કેટલાક તાલુકાઓમાં અધિકારીઓએ ડેમના ફોટા પોતાની પાસે હોવાનું જણાવ્યું હતું પરંતુ સ્થળ ઉપર કામ થયું ન હતું જેનો મતલબ એ થયો કે વર્કઓર્ડર આપતા પહેલાં જ અનેક કામ પૂરાં થયાં હતાં અને આ તમામ પાપલીલામાં અધિકારીઓ કોન્ટ્રાક્ટર સાથે ભાગીદાર હોવાના અનેક પુરાવા મળ્યા છે.

## અરવલ્લી જિલ્લા પંચાયત ભાજપના સદસ્યનું કોરોનાથી મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ અરવલ્લીમાં બેલગામ બનેલા કોરોનાએ અરવલ્લી જિલ્લા પંચાયતના નાંદોજ બેઠકના ભાજપના સદસ્ય હસમુખભાઈ મડીયાનો ભોગ લીધો છે.



તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેઓ ચૂંટાઈ આવ્યા હતા. તેમના નિધનથી ભિલોડા તાલુકા ભાજપના કાર્યકરોમાં શોક છવાયો છે.

કાતિલ કોરોનાએ અરવલ્લી જિલ્લામાં ભાજપના એક પછી એક આગેવાનોને ઓહીયા કરી રહ્યો છે. અગાઉ ભાજપના સંગઠન હોદ્દેદાર કાળુભાઈ ડામોર ત્યારબાદ ગુણવંતભાઈ ત્રિવેદી, એસ.એમ. ખાંટ સહિત ૬ જેટલા આગેવાન કાર્યકરોના કોરોનાના કારણે મોત નિપજ્યા હતા જેના આઘાતમાંથી ભાજપ બહાર આવ્યું નથી. ત્યાં શનિવારે અરવલ્લી જિલ્લા પંચાયત ભાજપના સદસ્યનું કોરોનાના કારણે મોત નિપજ્યું છે.

## આકરૂન્દના નિવૃત્ત નાયબ મામલતદાર જી.પી.ગોહેલનો સન્માન સમારંભ યોજાયો

### ગરીબ વંચિત અને શોષિત અને જરૂરીયાતમંદ માનવીઓ માટે કરેલી મદદ યાદ કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮ ધનસુરા તાલુકાના આકરૂન્દના વતની અને કપડવંજ નાયબ મામલતદાર તરીકે યશસ્વી સેવાઓ બજાવી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા જી.પી.ગોહેલનો વિદાય સમારંભ આંતરસુંબા ગ્રામ પંચાયતના સરપંચ સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

હંમેશાં ગરીબ પ્રજાને મદદ કરવી, સરકારની વિવિધ યોજનાઓનો ગરીબ, વંચિત, શોષિત અને જરૂરીયાતમંદ છેવાડાના માનવીઓ સુધી પહોંચે તેની હંમેશાં ચીવટ રાખનારા અને પોતાની દિર્ઘકાલિન નાયબ મામલતદાર તરીકેની સેવાઓ દરમ્યાન કપડવંજ તાલુકા ઉપરાંત ખેડા જિલ્લામાં નેત્ર દિપક કામગીરી કરી પ્રજા અને અધિકારીઓના પ્રિતિપાત્ર બનેલા નાયબ મામલતદાર જી.પી.ગોહેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો સન્માન સમારોહ આતરસુંબા ગ્રામ પંચાયતના સરપંચ રાજેશ શર્મા અને તેમના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. નિવૃત્ત થતા નાયબ મામલતદારની સ્વચ્છ અને પ્રમાણિક છબીની પ્રસંશા કરવાની સાથે ખેડા જિલ્લાનું અહોભાગ્ય કહેવાય કે એક પ્રમાણિક અધિકારી જિલ્લા અને તેની પ્રજાને મળ્યા. નિવૃત્ત થયેલા નાયબ મામલતદારને તેમનું નિવૃત્તિમય જીવન સુખમય અને પ્રસન્ન બની રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## દુઃખદ અવસાન



બાયડ : બાયડના ધર્મેન્દ્રભાઈ જોષીના પિતા પ્રહલાદરાય હીરાલાલ જોષીનું નિધન થયેલ છે. કોરોનાની મહામારીના કારણે બેસણું તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. ટેલિફોનિક બેસણું તા.૧૦ મે. સોમવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ રાખેલ છે.